# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૮૬-A તા.૨૭-૧૧-૧૯

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે :-

**વિષય :- આંતરરાષ્ટ્રીય દિવ્યાંગ દિન નિમિત્તે માન. શિક્ષણમંત્રીશ્રીના વકતવ્યનું બાયસેગ મારફતે પ્રસારણ બાબત.**
**સંદર્ભ :- પ્રાશિનિ/ છ-૨ / સંકલન / ૨૦૧૯/ ૬૪૬૦ - ૬૫૭૮ તા.૨૭-૧૧-૨૦૧૯નો પત્ર.**

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે, તા.૩-૧૨-૨૦૧૯ના રોજ આંતરરાષ્ટ્રીય દિવ્યાંગ દિન નિમિત્તે માન.શિક્ષણમંત્રીશ્રીના વકતવ્યનું જીવંત પ્રસારણ સવારે ૯-૪૫ કલાકે બાયસેગના માધ્યમથી કરવામાં આવનાર છે. આ કાર્યક્રમમાં માન.શિક્ષણમંત્રીશ્રી અને અન્ય મહાનુભાવો શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓ, શિક્ષકો , વિદ્યાર્થીઓ તથા વાલીઓને સંબોધન કરનાર છે. તો પ્રસારણ તમામ શાળાઓના(બપોરપાળી સહિત) મુખ્ય શિક્ષકશ્રીઓ, શિક્ષકો, વિદ્યાર્થીઓ તેમજ વાલીઓ નિહાળે તેવું આયોજન કરવાનું રહેશે.

તા.૨૭-૧૧-૧૯

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૮૬-B તા.૨૭-૧૧-૧૯

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

**વિષય :- એકમ કસોટી કાર્યક્રમ અંગે.**
**સંદર્ભ :- એસએસએ/ કયુઈસેલ / ૨૦૧૯ / ૪૦૯૨૩ - ૯૬૩ સ્ટેટ પ્રોજેકટ ડાયરેટરશ્રી ગાંધીનગરનો તા.૨૬-૧૧-૨૦૧૯નો પત્ર.**

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે, સમગ્ર શિક્ષા અભિયાન દ્વારા ધો.૩ થી ૮ ના દરેક વિષયની શૈક્ષણિક ગુણવત્તા ચકાસણી , તે વિષયના ઉપચારાત્મક કાર્ય તેમજ SCE ના ભાગરૂપે પીરીયોડીકલ એસેસમેન્ટ ટેસ્ટ (એકમ કસોટી) લેવામાં આવે છે. ધોરણ ૩ થી ૮ના શિક્ષક દ્વારા થતા વર્ગ અધ્યાપનકાર્યના મૂલ્યાંકન અને તેની ગુણવત્તા સુધાર માટે એકમ કસોટીનું આયોજન કરવામાં આવેલ છે.

ચાલુ શૈક્ષણિક વર્ષના બીજા સત્ર દરમ્યાન ૩૦ મી નવેમ્બરથી ધો.૩ થી ૮માં વિવિધ વિષયોની એકમ કસોટી આ સાથે સામેલ સમયપત્રક અનુસાર લેવામાં આવશે. દર શુક્રવારે સીઆરસી કો.ઓર્ડિનેટર દ્વારા સોફટ કોપી પહોંચાડવામાં આવશે. શાળાના વિદ્યાર્થી દીઠ પ્રશ્નપત્રની હાર્ડકોપીની વ્યવસ્થા શાળાએ કંપોઝીટ સ્કૂલ ગ્રાન્ટ અંતર્ગત કરવાની રહેશે. ધો.૩ થી ૮ના વિદ્યાર્થીઓને કસોટી લખવા માટે એકમ કસોટી નોટબુક રાજયકક્ષાએથી આપવામાં આવેલ છે. આ સાથે દ્વિતીય સત્રની એકમ કસોટીનું સંભવિત સમયપત્રક સામેલ છે. જેની જાણ દરેક શિક્ષક, બાળક અને વાલીઓને કરવાની રહેશે.

- ગુજરાતી સિવાયના અન્ય માધ્યમના પ્રશ્નપત્રો યુઆરસી કો.ઓર્ડિનેટરના માધ્યમથી શાળાને સોફટકોપીમાં પહોંચાડવામાં આવશે.
- જે તારીખે એકમ કસોટી છે તેમના આગલા અઠવાડિયા સુધીનો અભ્યાસક્રમ કસોટીમાં પૂછાનાર છે. તેથી જે તે એકમ કસોટીની તારીખે તેમનો નિયત અભ્યાસક્રમ પૂર્ણ કરવો.
- વિદ્યાર્થીઓની સંખ્યાને ધ્યાને લઈ ધોરણવાર એકમ કસોટીની બેઠક વ્યવસ્થા ગોઠવવી.
- એકમ કસોટી દરમ્યાન વિદ્યાર્થીઓ શાંતિથી લેખન કાર્ય કરે તેવું આયોજન કરવું.
- એક સપ્તાહમાં કસોટીની ચકાસણી કરી વિદ્યાર્થીઓને વાલીની સહી માટે આપવામાં આવેલ નોટબુક આપવી.
- એકમ કસોટી પૂર્ણ કર્યાના દિન-૭ માં ચકાસણી કરી ડેટા એન્ટ્રી મુખ્ય શિક્ષકની મદદથી પૂર્ણ કરવાની રહેશે.
- એકમ કસોટી પૂર્ણ થયા બાદ તેની યોગ્ય ચકાસણી કરી વિદ્યાર્થીઓના કઈ કઈ અધ્યયન નિષ્પતિ કાચી જણાય તેની એકમ કસોટીની નોટબુકમાં નોંધ કરી પુનઃ કસોટી અંગેનું કાર્ય હાથ ધરી તે માટે પુનઃ કસોટી તૈયાર કરી તેવા વિદ્યાર્થીઓનું પુનઃ મૂલ્યાંકન કરવું.
- **સામાયિક કસોટીના સમયપત્રક અનુસાર ગુજરાતીની કસોટી હોય ત્યારે અન્ય માધ્યમમાં જે-તે માધ્યમની પ્રથમ ભાષાની કસોટી લેવાની રહેશે.**
- **ગુજરાતી માધ્યમમાં હિન્દીની કસોટી હોય ત્યારે હિન્દી માધ્યમમાં ગુજરાતી(પ્રાદેશિક ભાષા)ની કસોટી લેવાની રહેશે.**
- **ગુજરાતી માધ્યમમાં અંગ્રેજીની કસોટી હોય ત્યારે અંગ્રેજી માધ્યમમાં ગુજરાતી (પ્રાદેશિક ભાષા)ની કસોટી લેવાની રહેશે.**

- **<u>અન્ય માધ્યમ માટે ધો.૪ પર્યાવરણ અને ધો.૬ સામાજિક વિજ્ઞાનમાં જુના અભ્યાસક્રમ મુજબ કસોટી તૈયાર કરવાની રહેશે.</u>**
- સમગ્ર પ્રક્રિયા દરમ્યાન ગોપનીયતા જાળવવાની રહેશે.
- ગુણની ઓનલાઈન એન્ટ્રી કરવામાં આવે ત્યારે ઉપર મુજબ જે-તે વિષય અનુસાર એન્ટ્રી કરવી.
- ધોરણ ૬ થી ૮માં હિન્દી અને સંસ્કૃત વિષયની એકમ કસોટી એક જ દિવસે લેવાની હોવાથી સંલગ્ન ધોરણના વિદ્યાર્થીઓ માટે પહેલા હિન્દી અને ત્યારબાદ સંસ્કૃત વિષયની એકમ કસોટી લેવાની રહેશે.

**<u>આ સાથે સામેલ માર્ગદર્શિકા અને સમયપત્રકનો ચોકસાઈપૂર્વક અભ્યાસ કરી તેનો ચૂસ્ત અમલ સાથે એકમ કસોટી લેવાની રહેશે.</u>**

બિડાણ :-(૧) સંદર્ભિત પત્ર
(૨) એકમ કસોટીની માર્ગદર્શિકા
(૩) દ્વિતીય સત્રની એકમ કસોટીઓનું સંભવિત સમય પત્રક

તા.૨૭-૧૧-૧૯

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

Government of Gujarat

**પી. ભારતી (IAS)**
**સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર &**
**કમિશ્નર,પ્રાથમિક શિક્ષણ**

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

**ગુજરાત શાળા શિક્ષણ પરિષદ**
**સ્ટેટ પ્રોજેક્ટ કચેરી,**
**સમગ્ર શિક્ષા, સેક્ટર–૧૭, ગાંધીનગર.**
**ફોન નંબર : ૦૭૯–૨૩૨૪૩૧૩૩**
**E-mail : spdssa@gmail.com**
**Tollfree No. : 1800 233 7965**
**website: www.ssagujarat.org**

**પત્રક્રમાંક:એસએસએ/ક્યુઈસેલ/૨૦૧૯/** ૪૦૯૨૩ - ૯૬૩ **તા.૨૫/૧૧/૨૦૧૯**

પ્રતિશ્રી,

જિલ્લા પ્રોજેક્ટ કો. ઓર્ડીનેટર અને

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી

જિલ્લા: તમામ

શાસનાધિકારીશ્રી: અમદાવાદ, રાજકોટ, વડોદરા, સુરત.

વિષય: ધોરણ ૩ થી ૮ની એકમ કસોટી કાર્યક્રમ અંગે.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે સમગ્ર શિક્ષા અભિયાન દ્વારા ધોરણ ૩ થી ૮ ના દરેક વિષયની શૈક્ષણિક ગુણવત્તા ચકાસણી, તે વિષયના ઉપચારાત્મક કાર્ય તેમજ SCE ના ભાગરૂપે પીરીઓડીકલ એસેસમેન્ટ ટેસ્ટ (એકમ કસોટી) લેવામાં આવે છે. ધોરણ ૩ થી ૮ માં શિક્ષક દ્વારા થતા વર્ગ અધ્યાપન કાર્યના મૂલ્યાંકન અને તેની ગુણવત્તા સુધાર માટે એકમ કસોટીનું આયોજન કરવામાં આવેલ છે.

ચાલુ શૈક્ષણિક વર્ષના બીજા સત્ર દરમ્યાન ૩૦મી નવેમ્બરથી ધોરણ ૩ થી ૮ માં વિવિધ વિષયોની એકમ કસોટી આ સાથે સામેલ સમયપત્રક અનુસાર લેવામાં આવશે. આ એકમ કસોટી માટેનો અભ્યાસક્રમ કસોટીના દિવસથી આગળના સપ્તાહ સુધીનો રહેશે. જી.સી.ઈ.આર.ટી દ્વારા તે અભ્યાસક્રમ મુજબ પ્રશ્નપત્ર નિર્માણ કરવામાં આવશે. સમગ્ર શિક્ષા અભિયાન દ્વારા તેને જિલ્લા સુધી દર ગુરૂવારે સોફ્ટકોપીમાં પહોંચાડવામાં આવશે. દરેક જિલ્લાએ તે જ દિવસે બીઆરસીને અને બીઆરસીએ તે જ દિવસે સીઆરસીને આ સોફ્ટકોપી પહોંચાડવાની રહેશે. સીઆરસીએ શુક્રવારે જે તે શાળા સુધી સોફ્ટકોપીમાં પહોંચાડવાની રહેશે. શિક્ષકે એકમ કસોટીના પ્રશ્નો બોર્ડ પર લખવાના રહેશે અથવા શાળાને જરૂર જણાય તો વિદ્યાર્થી દીઠ પ્રશ્નપત્રની હાર્ડકોપીની વ્યવસ્થા કરી શકે છે. આ માટેનો ખર્ચ શાળા પોતાની કમ્પોઝીટ સ્કુલ ગ્રાન્ટ હેડે ઉધારી શકશે. એકમ કસોટીના દિવસે દરેક શાળામાં સમયસર, ગોપનીય અને યોગ્ય રીતે એકમ કસોટી લેવાય તે માટે સ્થાનિક મોનીટરીંગ અને વ્યવસ્થાપન જિલ્લા કક્ષાએ જિલ્લા પ્રોજેક્ટ કો.ઓ.શ્રીએ કરવાનું રહેશે. તેવી રીતે તાલુકા કક્ષાએ ટીપીઈઓ, કે.નિ., બીઆરસી, સીઆરસી અને બીઆરપી (તમામ)એ કરવાનું રહેશે.

એકમ કસોટી પૂર્ણ થયા બાદ એકમ કસોટી નોટબુક તપાસી પ્રત્યેક વિદ્યાર્થીના વાલીને બતાવી તેમની સહી લઈ પુનઃ કસોટી અંગેનું કાર્ય પણ કરવાનું રહેશે. આ ગુણની ડેટા એન્ટ્રી જે તે શાળાએ ૧૫ દિવસમાં કરવાની રહેશે.

ગુજરાતી સિવાયના અન્ય માધ્યમોના પ્રશ્નપત્રો જે તે જિલ્લાના ઓ.આઈ.સી- પી.એન્ડ એમ.ઓ. એ પોતાના જિલ્લાના ડાયટ પાસેથી મેળવી લેવાના રહેશે અને બીઆરસી-સીઆરસીના માધ્યમથી શાળાઓને સોફ્ટ કોપીમાં પહોંચાડવાના રહેશે.

સવારના સમયની શાળામાં એકમ કસોટીનો સમય ૮:૩૦ થી ૯:૩૦નો અને બપોરની પાળી માટે એકમ કસોટીનો સમય ૧૩:૦૦ થી ૧૪:૦૦ રાખવાનો રહેશે.

ધોરણ ૬ થી ૮માં હિન્દી અને સંસ્કૃત વિષયની એકમ કસોટી એક જ દિવસે લેવાની હોવાથી સંલગ્ન ધોરણના વિદ્યાર્થીઓ માટે પહેલા હિન્દી અને પછી સંસ્કૃત વિષયની એકમ કસોટી લેવાની રહેશે.

પી.ભારતી ( IAS )

<u>બિડાણ:-</u>

- એકમ કસોટીની માર્ગદર્શિકા
- બીજા સત્રની એકમ કસોટીઓનું સભંવિત સમયપત્રક

<u>નકલ સવિનય રવાના:-</u>

- માન. સચિવશ્રી (પ્રા. અને મા. શિક્ષણ) શિક્ષણ વિભાગ, ગુજરાત રાજય ગાંધીનગર.

<u>નકલ રવાના જાણ સારૂ:-</u>

- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજય ગાંધીનગર.
- નિયામકશ્રી, જીસીઈઆરટી, ગાંધીનગર.

<u>નકલ રવાના જાણ તથા ડેટા એન્ટ્રી માટેની વ્યવસ્થા કરવા સારૂ:-</u>

- MIS શાખાશાખા, અત્રેની કચેરી

# એકમ કસોટી માર્ગદર્શિકા

**1) એકમ કસોટી અભિગમ સમજ:-**

ધોરણ ૩ થી ૫ અને ૬ થી ૮ મા શિક્ષક દ્વારા થતા વર્ગ અધ્યાપનકાર્યના મૂલ્યાંકન અને તેની ગુણવત્તાના સુધાર માટે એકમ કસોટીનું આયોજન કરવામાં આવેલ છે. ધોરણ ૩ થી ૮ મા ગુજરાતી, ગણિત, પર્યાવરણ, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન, સંસ્કૃત, અંગ્રેજી અને હિન્દી વિષયને એકમ કસોટીમાં આવરી લેવામાં આવનાર છે. આયોજનમાં દર્શાવેલી તારીખે નક્કી થયેલા વિષયની ૨૫ ગુણની ૬૦ મિનિટ માટેની એકમ કસોટી લેવામાં આવશે. ધોરણ ૬ થી ૮ માં હિન્દી અને સંસ્કૃતની કસોટી એક જ દિવસે લેવાની રહેશે. એકસૂત્રતા જળવાય તે માટે પ્રથમ હિન્દીની કસોટી લઇ ત્યારબાદ સંસ્કૃતની કસોટી લેવાની રહેશે. પ્રથમ સત્ર દરમ્યાન વિદ્યાર્થી દીઠ આપવામાં આપેલી 'એકમ કસોટી નોટબુક'માંજ દ્વિતીય સત્રની કસોટીઓના જવાબ લખવાના રહેશે. એકમ કસોટી દ્વારા શિક્ષક અને વિદ્યાર્થીની વર્ગ અધ્યયન-અધ્યાપન પ્રક્રિયાનું માપદંડ કરવાનું પણ આયોજન છે.

**2) એકમ કસોટીમાં જિલ્લા પ્રો.કો.ઓ.શ્રીની ભૂમિકા:-**

- જિલ્લાના દરેક બ્લોક અને કલસ્ટરની દરેક શાળામાં ધોરણ, વિષય અને તારીખ મુજબ ચોક્કસ સમયે એકમ કસોટી લેવામાં આવે તે પ્રકારનું અમલીકરણ કરાવવું.
- એકમ કસોટીના દિવસે દરેક બ્લોકની શાળાઓમાં નિયત સમય મર્યાદામાં ટેસ્ટ પૂર્ણ થાય તેવું આયોજન કરવું.
- ટેસ્ટ લેવાયા બાદ ઓછામાં ઓછા એક સપ્તાહમાં તે એકમ કસોટી શિક્ષક દ્વારા યોગ્ય રીતે ચકાસણી થઇ જાય તેવું આયોજન કરવું.
- એકમ કસોટી તપાસ્યા બાદ ૧૫ દિવસમાં તેમની ડેટા એન્ટ્રી કરાવવી.
- શાળાઓ સુધી સમયસર એકમ કસોટીની સોફ્ટકોપી પહોંચાડવી. (બીઆરસી-સીઆરસી કો.ઓ મારફત)

**3) એકમ કસોટીમાં ટીપીઈઓની ભૂમિકા:-**

- દરેક શાળા સમયપત્રક અને જે તે વિષય મુજબ સમયસર એકમ કસોટી લે તેવું આયોજન કરવું.
- એકમ કસોટી લેવાના સમયે શાળાઓનું આકસ્મિક મોનીટરીંગ ગોઠવાવું અને અનુંકાર્ય હાથ ધરવું.
- આચાર્ય અને શિક્ષકો સાથે એકમ કસોટી બાબતે પ્રતિભાવો અને સૂચનો પ્રાપ્ત કરી તેને જિલ્લા સુધી પહોચાડવા.

4) એકમ કસોટીમાં બીઆરસી, બીઆરપી (તમામ), સીઆરસી કો.ઓ.ની ભૂમિકા:-

- શાળાઓ સુધી સમયસર એકમ કસોટીની સોફ્ટકોપી પહોંચાડવી. (સીઆરસી કો.ઓ મારફત)
- સમયપત્રક મુજબ એકમ કસોટીનું આયોજન થાય તેની કાળજી રાખવી.
- શાળાના શિક્ષક દ્વારા યોગ્ય રીતે એકમ કસોટી લેવાય તેની સુચના અને માર્ગદર્શન પૂરું પાડવું.
- જિલ્લા અને રાજ્ય સ્તરેથી પ્રાપ્ત માર્ગદર્શન મુજબ એકમ કસોટીનું આયોજન થાય તે માટે સતત કાળજી લેવી.

5) એકમ કસોટીમાં આચાર્યની ભૂમિકા:-

- એકમ કસોટી માટે સ્ટાફ બેઠક કરી યોગ્ય માર્ગદર્શન પૂરૂં પાડવું.
- જે તારીખે એકમ કસોટી છે તેમના આગલા અઠવાડિયા સુધીનો અભ્યાસક્રમ કસોટીમાં પૂછાનાર છે તેથી જે તે એકમ કસોટીની તારીખે તેમનો નિયત અભ્યાસક્રમ પૂર્ણ થાય તે જોવું.
- એકમ કસોટીના સમયે વર્ગમાં મોનીટરીંગ કરવું.
- શિક્ષક દ્વારા એકમ કસોટીની ગુણવત્તાલક્ષી ચકાસણી થાય તેવું આયોજન કરવું.
- એકમ કસોટી બાદ જે-તે વિષયના પરિણામની ચર્ચા શિક્ષક, વિદ્યાર્થી અને વાલી સાથે કરી વધુ સારા પરીણામ માટે આયોજન હાથ ધરવું.
- એકમ કસોટી તપાસ્યા બાદ ૧૫ દિવસમાં તેમની ડેટા એન્ટ્રી કરાવવી.

6) એકમ કસોટીમાં શિક્ષકની ભૂમિકા:-

- એકમ કસોટી સમયસર લેવી.
- જે તારીખે એકમ કસોટી છે તેમના આગલા અઠવાડિયા સુધીનો અભ્યાસક્રમ કસોટીમાં પૂછાનાર છે તેથી જે તે એકમ કસોટીની તારીખે તેમનો નિયત અભ્યાસક્રમ પૂર્ણ કરવો.
- વિદ્યાર્થીઓની સંખ્યાને ધ્યાને લઇ ધોરણવાર એકમ કસોટીની બેઠક વ્યવસ્થા ગોઠવવી.
- એકમ કસોટી દરમ્યાન વિદ્યાર્થીઓ શાંતિથી લેખન કાર્ય કરે તેવું આયોજન કરવું.
- એક સપ્તાહમાં કસોટીની ચકાસણી કરી, વિદ્યાર્થીને વાલીની સહી માટે આપવું.
- ચકાસણી બાદ ૧૫ દિવસ સુધીમાં અનુકુળતાએ ડેટા એન્ટ્રી કરવામાં આચાર્યને મદદ કરવી.
- એકમ કસોટી પૂર્ણ થયા બાદ તેની યોગ્ય ચકાસણી કરી વિદ્યાર્થીઓના કઈ કઈ અધ્યયન નિષ્પતિ કાચી જણાય તેની એકમ કસોટી નોંટબુકમાં નોંધ કરી પુનઃ કસોટી અંગેનું કાર્ય હાથ ધરવું તે માટે જરૂર પડે પુન: કસોટી તૈયાર કરી અને વિદ્યાર્થીનું પુન: મુલ્યાંકન કરવું.

| Std. 3 to 5 (Sem 2) PAT | | | | |
|---|---|---|---|---|
| **Month** | **Date** | **Standard – 3** | **Standard – 4** | **Standard – 5** |
| November | 30-11-2019 | 3/Math | 4/EVS | 5/English |
| December | 07-12-2019 | ------ | ------ | ------ |
| | 14-12-2019 | 3/EVS | 4/Gujarati | 5/Math |
| | 21-12-2019 | ------ | ------ | ------ |
| | 28-12-2019 | 3/Gujarati | 4/Math | 5/EVS |
| January | 04-01-2020 | ------ | ------ | ------ |
| | 11-01-2020 | 3/Math | 4/English | 5/Hindi |
| | 18-01-2020 | ------ | ------ | ------ |
| February | 01-02-2020 | 3/EVS | 4/Hindi | 5/Gujarati |
| | 08-02-2020 | ------ | ------ | ------ |
| | 15-02-2020 | 3/Gujarati | 4/EVS | 5/Math |
| | 22-02-2020 | ------ | ------ | ------ |
| | 29-02-2020 | ------ | 4/Gujarati | 5/EVS |
| March | 07-03-2020 | ------ | ------ | ------ |
| | 14-03-2020 | ------ | 4/Math | 5/English |
| | 21-03-2020 | ------ | 4/English | 5/Hindi |
| | 28-03-2020 | ------ | 4/Hindi | 5/Gujarati |

| Std. 6 to 8 (Sem 2) PAT | | | | |
|---|---|---|---|---|
| **Month** | **Date** | **Standard – 6** | **Standard – 7** | **Standard – 8** |
| November | 30-11-2019 | Math | Social Science | English |
| December | 07-12-2019 | Social Science | Hindi & Sanskrit | Science |
| | 14-12-2019 | ------ | ------ | ------ |
| | 21-12-2019 | English | Science | Gujarati |
| | 28-12-2019 | Science | Gujarati | Hindi & Sanskrit |
| January | 04-01-2020 | ------ | ------ | ------ |
| | 11-01-2020 | Gujarati | Math | Social Science |
| | 18-01-2020 | Hindi & Sanskrit | English | Math |
| | 25-01-2020 | ------ | ------ | ------ |
| February | 01-02-2020 | Math | Social Science | English |
| | 08-02-2020 | Social Science | Hindi & Sanskrit | Science |
| | 15-02-2020 | ------ | ------ | ------ |
| | 22-02-2020 | English | Science | Gujarati |
| | 29-02-2020 | Science | Gujarati | Hindi & Sanskrit |
| March | 07-03-2020 | ------ | ------ | ------ |
| | 14-03-2020 | Gujarati | Math | Social Science |
| | 21-03-2020 | Hindi & Sanskrit | English | Math |